**પરિપત્ર**

પત્રક્રમાંક : મઉમશબ/જી-સેલ/ગુ.ચ./માર્ચ-20
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર
તારીખ : 15-06-2020

પ્રતિ,
આચાર્યશ્રીઓ/પ્રધાનાચાર્યશ્રીઓ (તમામ)

**વિષય : ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2020ની ગુણચકાસણીની અરજીઓ મોકલવાની કાર્યવાહી બાબત.**

ધોરણ-12, સામાન્ય પ્રવાહ ગુણચકાસણીની અરજીઓ માત્ર ONLINE માધ્યમથી જ મોકલવાની રહે છે. આ માટે આચાર્યશ્રી અથવા ઉમેદવાર જાતે બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર જઈ ગુણચકાસણીની અરજી કરી શકે છે. રૂબરૂ કે ટપાલથી અરજી કરવાની પદ્ધતિમાં અમલમાં નથી.

ગુણચકાસણી અર્થાત બોર્ડ દ્વારા લેવાયેલ વિષયોની પરીક્ષા સંબંધે એક કે તેથી વધારે વિષયમાં પોતાને મળેલ ગુણ બાબતે શંકા હોય તો તેની ચકાસણી કરાવવી. આમાં શાળા દ્વારા લેવાયેલ પરીક્ષાનો કે નામ અને જન્મતારીખના સુધારાનો સમાવેશ થતો નથી. અરજી કરવા બાબતે વિગતવાર સૂચનાઓ વેબસાઈટ પર મુકેલ છે તેમ છતાં નીચે આપેલ મહત્ત્વના મુદ્દાઓ ધ્યાને લેવા વિનંતી છે.

(1) અરજી કરવા સારુ **www.gseb.org** પર જઈ ગુણચકાસણી લખેલ બટન ક્લીક કરવું અને રજિસ્ટ્રેશન કરવું.

(2) ઉમેદવારનો બેઠક નંબર નાખવાથી તેની અન્ય વિગતો જોઈ શકાશે.

(3) જે વિષય માટે ગુણચકાસણી કરવાની છે તેની સામે ટીક કરવું (√ નિશાની)

(4) ગુણચકાસણીની ફી પ્રત્યેક વિષયના રૂ. 100/- નક્કી કરાયેલ છે.

(5) ઓનલાઈન ગુણ ચકાસણીની અરજીની ફી બાબતની સૂચનાઓ ઓનલાઈન ઉપલબ્ધ કરવામાં આવશે.

(6) ગુણચકાસણીની અરજીઓ માટે પરિણામ જાહેર થયાના ત્રણ દિવસ પછીથી બોર્ડની વેબસાઈટ www.gseb.org મારફતે સૂચના આપવામાં આવશે અને ONLINE કાર્યવાહી શરૂ કરવામાં આવશે. જેની જાણ જાહેર માધ્યમો દ્વારા કરવામાં આવશે. કોઈપણ અરજી રૂબરૂ કે ટપાલ માધ્યમથી સ્વીકારવામાં આવશે નહીં. નિયત થયેલ આખર તારીખ પછી અરજી થઈ શકશે નહીં.

(7) ગુણચકાસણી પૂર્ણ થયેથી સુધારેલ પરિણામની વિગતો બોર્ડની વેબસાઈટ પર સીટ નંબરથી લોગ ઈન કરી જોઈ શકાશે.

Ameri..

**(ડૉ. અવનીબા મોરી)**
નાયબ નિયામક પરીક્ષા
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ,
ગાંધીનગર

**નકલ રવાના :** જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (તમામ)

પત્રકમાંક : મઉમશબ/ક-1/સામાન્ય/પરિણામ-2020
**ગુજરાત માધ્યમિક અને**
**ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,**
ગાંધીનગર
તારીખ : 15-06-2020

પ્રતિ,
**આચાર્યશ્રી,**
નોંધાયેલ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (તમામ),
ગુજરાત રાજય.

**વિષય : એક વિષયમાં 'NI' - સુધારણાને અવકાશ મેળવનાર ઉમેદવારો માટે પૂરક પરીક્ષા-2020 અંગે અગત્યની સૂચનાઓ**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)ની પૂરક પરીક્ષા-2020 અંગે નીચે મુજબની અગત્યની સૂચનાઓ ધ્યાને લઈ યોગ્ય કાર્યવાહી કરશો.

(A) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાના વિનિયમો (સુધારેલ)-2005 અનુસાર ધોરણ-12 (સામાન્ય પ્રવાહ)માર્ચ-2020ના પરિણામમાં એક વિષયમાં 'NI-સુધારણાને અવકાશ' ધરાવે છે તેવા વિદ્યાર્થીઓ માટે પૂરક પરીક્ષા-2020 લેવામાં આવશે. જેની તારીખો બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવશે. આ પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારોના આવેદન બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પરથી ફક્ત ઓનલાઈન સ્વીકારવામાં આવશે. રૂબરૂ રજૂ કરવાના નથી.

(B) માર્ચ-2020 ની ધોરણ-12 (સામાન્ય પ્રવાહ) ની પરીક્ષામાં એક વિષયમાં 'NI-સુધારણાને અવકાશ' ધરાવતા પરીક્ષાર્થીઓની શાળાવાર યાદી ઓનલાઈન બોર્ડ દ્વારા શાળાઓને તેમજ જે તે શાળાને માર્ચ-2020ના પરિણામ સાથે મોકલવામાં આવશે. તે પૈકી પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થવા ઈચ્છતા ઉમેદવારની બોર્ડ દ્વારા મોકલવામાં આવેલ યાદી (ONE SUBJECT FAIL LIST) માં સહી મેળવી જરૂરી વિગત અને આધારો આચાર્યશ્રીએ શાળાના દફતરે રાખવા.

(C) શાળાઓએ પૂરક પરીક્ષાનું આવેદન બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પરથી ઓનલાઈન કરવાનું રહેશે. ઉમેદવારો માટેની પૂરક પરીક્ષાની ફી એક વિષય માટે રૂા.140/- રહેશે. કન્યા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારોને સરકારશ્રીએ પરીક્ષા ફી ભરવામાંથી મુક્તિ આપેલ છે. તેથી તેઓની ફી લેવાની રહેતી નથી. પરંતુ તેઓનું પૂરક પરીક્ષા-2020 માટે ઓનલાઈન આવેદન (રજીસ્ટ્રેશન) કરવું ફરજીયાત છે.

(D) COVID-19 ની પરિસ્થિતિમાં જે વિદ્યાર્થીઓ આવેદન માટે સંમતિ આપવા કે ફી ભરવા જઈ શકે તેમ ન હોય તેવા કિસ્સામાં વિદ્યાર્થીઓ જાતે Online આવેદન કરીને નિયત ફી ભરી શકશે. તેઓએ શાળાના આચાર્યશ્રીને ટેલીફોનીક જાણ કરવાની રહેશે.

(E) પૂરક પરીક્ષા માટે Online આવેદન કરવા અંગેની અન્ય અગત્યની સૂચનાઓ વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવશે. શાળાને પ્રાપ્ત થયેલ યાદીમાં કોઈ કારણસર ઉમેદવાર એક વિષયમાં 'NI-સુધારણાને અવકાશ' હોવા છતાં નામ દર્શાવેલ ન હોય તેવા કિસ્સામાં તેના ગુણપત્રક અને SR ની ખરાઈ કરીને આચાર્યશ્રીએ પરિશિષ્ટ-A માં તેવા ઉમેદવારની વિગતો જરૂરી આધારો અને ફી મેળવી, આ પરિશિષ્ટ-A ની એક નકલ

E-mail : gshsebexamgeneral@gmail.com પર મોકલવાની રહેશે.

(F) પૃથ્થક ઉમેદવારો તથા માર્ચ-2020માં જેણે પરીક્ષા આપી ન હોય તેવા ઉમેદવારો આગામી-2020ની પૂરક પરીક્ષામાં ઉપસ્થિત થઈ શકશે નહીં.

(G) પૂરક પરીક્ષાનો કાર્યક્રમ અને વિદ્યાર્થીઓની પ્રવેશિકા (Hall Ticket) બોર્ડની વેબસાઈટ પર નિયત સમયે મૂકવામાં આવશે.

ઉપરોક્ત સૂચનાઓનો અભ્યાસ કરી પૂરક પરીક્ષા-2020 અંગેના પ્રશ્નો બાબતે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપશો. પૂરક પરીક્ષા-2020 માટે આવેદન કરવાની તારીખ પૂરક પરીક્ષા-2020 ની તારીખ બોર્ડ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવશે તે માટે બોર્ડની વેબસાઈટ **www.gseb.org** નિયમિત રીતે જોતા રહેશો તેવી વિનંતી.

**(ડૉ. અવનીબા મોરી)**
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ,
ગાંધીનગર

**પરિશિષ્ટ - A**

(જે શાળાને એક વિષયમાં અનુત્તીણ ઉમેદવારોની ઓનલાઈન /ઓફલાઈન યાદીમાં કોઈ ઉમેદવારનું નામ યાદીમાં ન હોય તે કિસ્સામાં આ નમૂના મુજબ વિદ્યાર્થીની વિગત બોર્ડને રજૂ કરવાની રહેશે.)

GSHSEB Gandhinagar HSC Exam (March 2020) Page Number

## List of Students Eligible for 2020 Supplement Exam

| Sr. No. | Seat No. | Subject Code. | Name of Candidate | Signature of Candidate | Fees |
|---|---|---|---|---|---|
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |
| | | | | | |

Total No. of Students to appear :

Total Amount of Fees Paid :

DD / Challan No. and Date :

Submission Date :

Declaration : The details of the above signed Students are correct as recommended by the school for sulimentary exam to be held in 2020 except those who have not consented.

Signature of Principal with Stamp

Examinatio fees is as under
One subject fees is Rs. 140/-

મહિલા ઉમેદવાર અને દિવ્યાંગ ઉમેદવારને સરકારશ્રીએ ફી ભરવામાંથી મુક્તિ આપેલ હોઈ તેઓ પાસેથી પરીક્ષા ફી લેવાની રહેતી નથી.